રા.મ.ન.પા/ પ્રોજી ૬૨ /જા. નં. ૧૯૪૭૨ તારીખ : ૧૪/૦૭/૨૦૨૬

વિષય : તા. ૨૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ : શ્રીમતી ભારતીબેન શૈલેષભાઈ પરસાણા વોર્ડ નં.૧૮ પ્રશ્ન નં.૨ (૧)

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૨ | ૧ | રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વેસ્ટ ઝોન તથા સેન્ટ્રલ ઝોનમાં HC (હાઉસ કનેક્શન) ની કાર્યવાહી કરવામાં આવે છે પરંતુ શહેરના ઇસ્ટ ઝોન વિસ્તારમાં આ કાર્યવાહી કરવામાં આવે છે કે નહિ ? જો ના તો શા કારણ થી આ HC (હાઉસ કનેક્શન) ની કાર્યવાહી કરવામાં આવતી નથી? | રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના ઇસ્ટ ઝોનમાં રાજકોટ મહાનગરપાલિકાની માલિકીના રોડ (ટી.પી.રોડ) માં ટેન્ડર બહાર પાડીને ટી.પી.રોડને લાગુ HC (હાઉસ કનેક્શન) ની ચેમ્બર કરવામાં આવે છે અને તે સિવાય HC (હાઉસ કનેક્શન) ની કાર્યવાહી કરવામાં આવતી નથી કારણ કે ધી જી.પી.એમ.સી.એક્ટ ની કલમ ૨૨૪ ની જોગવાઈ મુજબ ખાનગી રસ્તાઓ તથા કોમન પ્લોટની માલિકી રાજકોટ મહાનગરપાલિકામાં તબદીલ કર્યેથી/સોપવામાં આવેલ હોય તો જ તે ઉપરની સુવિધાઓ આપવાની જવાબદારી રાજકોટ મહાનગરપાલિકા ની બને છે તેમજ HC (હાઉસ કનેક્શન) એ જે તે મકાન માલિકની ખાનગી ચેમ્બર હોય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ દરમ્યાન લેવાયેલ નિર્ણય મુજબ HC (હાઉસ કનેક્શન) ની કાર્યવાહી કરવાની થતી નથી તેવો નિર્ણય લેવામાં આવેલ છે. |

શાખા: બાંધકામ શાખા

શાખાધિકારીની સહી: [signature]

શાખાધિકારીનું નામ: શ્રી આ.ડી. ખરિયા

હોદ્દો: આસી. એન્જી. (ઈાટ)

રા.મ.ન.પા/ પ્રોજે/૬૨ /જા. નં. ૨૬૪૦ તારીખ : ૧૪/ ૦૭/૨૦૨૬

**વિષય : તા. ૨૦ /૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ**

**સભ્યશ્રીનું નામ : શ્રીમતી ભારતીબેન શૈલેષભાઈ પરસાણા** **વોર્ડ નં.૧૮ પ્રશ્ન નં.૨ (૨)**

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૨ | ૨ | HC (હાઉસ કનેક્શન) ની કાર્યવાહી માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઝોન વાઈઝ ગ્રાંટનું ફાળવણું કરવામાં આવે છે કે નહિ. જો હા તો છેલ્લા ચાર વર્ષ દરમ્યાન ઇસ્ટ ઝોનમાં સમાવિષ્ટ વોર્ડમાં કેટલી ગ્રાંટ ફાળવવામાં આવી અને તે ગ્રાંટમાંથી વોર્ડ વાઈઝ કેટલું HC (હાઉસ કનેક્શન) નું કામ કરવામાં આવ્યું? | HC (હાઉસ કનેક્શન) ની કાર્યવાહી કરવાની થતી નથી તેવો નિર્ણય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ દરમ્યાન લેવામાં આવેલ હોય ઇસ્ટ ઝોન વિસ્તારમાં આ માટે કોઈ ગ્રાંટની ફાળવણી કરવામાં આવેલ નથી તેથી HC (હાઉસ કનેક્શન) ની કામગીરી કરવામાં આવતી નથી. |

શાખા: બાંધકામ શાખા

શાખાધિકારીની સહી:

શાખાધિકારીનું નામ: શ્રી ચા.ડી. કાછડિયા

હોદ્દો: સીટી એન્જી. (ઇ.ઝો.)